**"બલ્ક ડિપોઝિટ" નો અર્થ**

(i) **ટિયર 3 અને ટિયર 4** શેડ્યુલ્ડ **પ્રાઈમરી (અર્બન) કો-ઓપરેટિવ બેંકો** માટે

- **રૂપીયા** ₹1 કરોડ અને તેથી વધુની **એક જ (single) ટર્મ ડિપોઝિટને** *બલ્ક ડિપોઝિટ* ગણવામાં આવશે.

(ii) **અન્ય કો-ઓપરેટિવ બેંકો** (અર્થાત્, ઉપરોક્ત ટિયર 3 અને ટિયર 4 શેડ્યુલ્ડ પ્રાઈમરી UCBs સિવાયની) માટે

- **રૂપીયા** ₹15 લાખ અને તેથી વધુની **એક જ (single) ટર્મ ડિપોઝિટને** *બલ્ક ડિપોઝિટ* ગણવામાં આવશે.

**<u>બલ્ક ડિપોઝિટ બેંકની લિક્વિડિટી અને વ્યાજદરના જોખમને અસર કરી શકે છે, તેથી આરબીઆઈ મોટી બેંકો માટે ઊંચી મર્યાદા (₹1 કરોડ) અને નાની બેંકો માટે નીચી મર્યાદા (₹15 લાખ) નક્કી કરેલ છે.</u>**

**"બેંકના સ્ટાફનો સભ્ય" નો અર્થ**

- **નિયમિત આધારે નોકરીએ રાખવામાં આવેલ વ્યક્તિ** (પૂર્ણ-સમય કે અર્ધ-સમય).
- તેમાં નીચેના પણ સામેલ છે:
  - **પ્રોબેશન પર ભરતી કરાયેલ વ્યક્તિ,**
  - **નક્કી કરાયેલ સમયગાળા માટે કરાર આધારે નોકરીએ રાખવામાં આવેલ વ્યક્તિ,**
  - **ડેપ્યુટેશન પર આવેલ વ્યક્તિ,**
  - **કોઈ વિલીનીકરણ યોજનાના અમલમાં લેવામાં આવેલ કર્મચારી.**
- પરંતુ તેમાં **કેઝ્યુઅલ આધારે નોકરીએ રાખવામાં આવેલ વ્યક્તિ**નો સમાવેશ થતો નથી.

**<u>આ વ્યાખ્યા સ્પષ્ટ કરે છે કે "સ્ટાફ સભ્ય"માં નિયમિત, કરાર આધારિત, પ્રોબેશન, ડેપ્યુટેશન અને એક બેન્ક ના બીજી બેંકમાં વિલીનીકરણથી જોડાયેલા કર્મચારીઓ આવે છે, પરંતુ કેઝ્યુઅલ કર્મચારીઓનો સમાવેશ થતો નથી.</u>**

**"બેંકના સ્ટાફનો નિવૃત્ત સભ્ય" નો અર્થ**

- એવો કર્મચારી જે **સુપરએન્યુએશન (નિવૃત્તિની નિર્ધારિત ઉંમર)** પર અથવા
- બેંકની **સર્વિસ / સ્ટાફ નિયમાવલીઓ** મુજબ અન્ય કોઈ રીતે નિવૃત્ત થાય.

અર્થાત્, "નિવૃત્ત સભ્ય"માં તે બધા કર્મચારીઓ આવે છે જેઓ બેંકની નિયમાવલીઓ અનુસાર નિવૃત્ત થયા હોય, ભલે તે નિયમિત નિવૃત્તિ ઉંમર પર હોય કે અન્ય કોઈ કારણસર.

**નિવૃત્તિના પ્રકારો અને ઉદાહરણો**

- સુપરએન્યુએશન
  - જ્યારે કર્મચારી નિર્ધારિત ઉંમર (જેમ કે 60 વર્ષ) પૂર્ણ કરે છે અને નિયમ મુજબ નિવૃત્ત થાય.
  - ઉદાહરણ: શ્રી પટેલ 60 વર્ષની ઉંમરે બેંકમાંથી નિવૃત્ત થયા.
- સ્વૈચ્છિક નિવૃત્તિ
  - કર્મચારી પોતાની ઈચ્છાથી, નિયમ મુજબ, નિર્ધારિત સેવા પૂર્ણ કર્યા પછી નિવૃત્તિ લે.
  - ઉદાહરણ: શ્રીમતી દેસાઈએ 25 વર્ષની સેવા પછી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી.
- આરોગ્ય કારણસર નિવૃત્તિ
  - જો કર્મચારી આરોગ્યની સમસ્યાને કારણે નિયમ મુજબ નિવૃત્તિ લે.
  - ઉદાહરણ: શ્રી જોષી લાંબા સમયથી બીમાર હોવાથી બેંકની નિયમાવલીઓ મુજબ નિવૃત્ત થયા.
- અન્ય નિયમાવલી મુજબની નિવૃત્તિ
  - બેંકની સર્વિસ/સ્ટાફ નિયમાવલીઓમાં દર્શાવેલી અન્ય પરિસ્થિતિઓમાં નિવૃત્તિ.
  - ઉદાહરણ: વિલીનીકરણ યોજનામાં કર્મચારીને નિવૃત્તિ આપવામાં આવી.

**<u>બેન્કના વ્યાજદર માળખા માટે સામાન્ય માર્ગદર્શન</u>**

**વ્યાજદર અને ડિપોઝિટ ખાતા સંબંધિત નીતિ (Policy)**

1. **બોર્ડ ઓફ ડિરેક્ટર્સ** અથવા બોર્ડની કોઈ કમિટી (જેમને સત્તા સોંપવામાં આવી હોય) દ્વારા મંજૂર કરાયેલ **વ્યાપક નીતિ** હોવી જોઈએ, જેમાં નીચેના મુદ્દાઓ આવરી લેવાયેલા હોય:
   - **ડિપોઝિટ પર વ્યાજદર**
   - **ટર્મ ડિપોઝિટના સમય પહેલાં ઉપાડ (પૂર્ણ કે આંશિક) માટે પેનલ્ટી (દંડ)**
   - **NRE ટર્મ ડિપોઝિટના સમય પહેલાં ઉપાડ માટે પેનલ્ટી (દંડ)**

- **FCNR(B)** ટર્મ ડિપોઝિટના સમય પહેલાં ઉપાડ માટે પેનલ્ટી (દંડ)

2. **ડિપોઝિટ પર વ્યાજદર** તમામ શાખાઓમાં અને તમામ ગ્રાહકો માટે **એકસરખો** રહેશે.
   - સમાન રકમની **ડિપોઝિટ**, જે એક જ તારીખે, બેન્કની કોઈ પણ શાખામાં સ્વીકારેલી હોય તેમના **વ્યાજદર** માં કોઈ ભેદભાવ નહીં રાખવો. જે **વ્યાજદર શેડ્યૂલ મુજબ** પહેલેથી જાહેર કરવામાં આવેલ હોય તે જ **વ્યાજદર** બધીજ સમાન રકમની **ડિપોઝિટ પર** ચૂકવવામાં આવશે.
3. **વ્યાજદર** અંગે **ડીપોઝીટર અને બેંક વચ્ચે કોઈ વાટાઘાટ** નહીં થાય.
4. **વ્યાજદર વાજબી, સુસંગત, પારદર્શક** હોવો જોઈએ અને **સુપરવિઝરી સમીક્ષા/તપાસ** માટે ઉપલબ્ધ હોવો જોઈએ.
5. **વ્યાજ ચુકવણી સંબંધિત તમામ વ્યવહારો**:
   - **ડીપોઝીટ પર વ્યાજ નજીકના રૂપિયા સુધી** રાઉન્ડ ઓફ કરાશે.
   - FCNR(B) **ડીપોઝીટ** માટે **બે દશાંશ અંક સુધી** રાઉન્ડ ઓફ કરાશે.
6. **રવિવાર/રજા/ગેર-વ્યવસાયિક (Non-business ) દિવસે પરિપક્વ થતી ડીપોઝીટ**:
   - (i) જો ટર્મ ડિપોઝિટ રવિવાર/રજા/ગેર-વ્યવસાયિક દિવસે પરિપક્વ થાય, તો બેંક મૂળ મૂડી પર **મૂળ કરાર મુજબનો વ્યાજદર** ચૂકવશે, અને તે વ્યાજ **પરિપક્વતાની તારીખથી ચુકવણીની તારીખ (આગામી કાર્યદિવસ) સુધીના સમયગાળા** માટે લાગુ પડશે.
   - (ii) **રીઇન્વેસ્ટમેન્ટ ડિપોઝિટ અને રિકરિંગ ડિપોઝિટ** માટે, બેંક **પરિપક્વ મૂલ્ય પર** ગેર-વ્યવસાયિક દિવસ માટે વ્યાજ ચૂકવશે.

**કરંટ એકાઉન્ટ પર વ્યાજદર**

કરંટ એકાઉન્ટમાં રાખવામાં આવેલા જમા પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં. પરંતુ, જો કરંટ એકાઉન્ટ કોઈ **વ્યક્તિ**ના અથવા **સોલ પ્રોપ્રાયટરી કન્સર્ન**ના નામે હોય, અને તે **ડિપોઝિટરનું મૃત્યુ થાય** તો ખાતામાં રહેલા બેલેન્સ પર **ડિપોઝિટરના મૃત્યુની તારીખથી લઈને દાવેદારને ચુકવણીની તારીખ સુધી** વ્યાજ લાગુ પડશે, અને તે વ્યાજ **ચુકવણીની તારીખે લાગુ પડતા સેવિંગ્સ ડિપોઝિટના વ્યાજદર** મુજબ ચૂકવાશે.

**B. સેવિંગ્સ ડિપોઝિટ પર વ્યાજદર**

સેવિંગ્સ ડિપોઝિટ પર વ્યાજ નીચે મુજબ લાગુ પડશે:

વ્યાજ **દૈનિક પ્રોડક્ટ આધારિત** રીતે ગણવામાં આવશે:

(i) ₹1 લાખ સુધીના બેલેન્સ પર **એકસરખો વ્યાજદર** લાગુ પડશે, ભલે ખાતામાં આ મર્યાદા સુધી કેટલી પણ રકમ હોય.

(ii) ₹1 લાખથી વધુના **દિવસના અંતે રહેલા બેલેન્સ** પર **અલગ વ્યાજદર** લાગુ કરી શકાય.

**ટર્મ ડિપોઝિટ પર વ્યાજદર**

ટર્મ ડિપોઝિટ પર વ્યાજદર નીચેના કારણોસર બદલાઈ શકે છે:

ડિપોઝિટ નો **સમયગાળો (Tenor of deposits)**

બેંકને જમા ખાતાની પરિપક્વતા/સમયગાળો નક્કી કરવાની છૂટ છે.

પરંતુ, **ન્યૂનતમ સમયગાળો 7 દિવસ** હોવો જરૂરી છે. એટલે કે 7 દિવસ થી ઓછા સમય ગાળા માટે ટર્મ ડિપોઝીટ સ્વીકારવી નહીં.

**ડિપોઝિટની રકમનું કદ (Size of deposits)**

**બલ્ક ડિપોઝિટ** પર જ અલગ વ્યાજદર લાગુ પડશે.

**પાકતી મુદત પહેલા ઉપાડની સુવિધા ઉપલબ્ધ ન હોવી (Non-availability of premature withdrawal option)**

બેંકને પાકતી મુદત પહેલા ઉપાડની સુવિધા વગરના ટર્મ ડિપોઝિટ ઓફર કરવાની છૂટ છે. એટલે કે બેંક એવી ટર્મ ડિપોઝીટ યોજના બનાવી શકે કે જેમાં મુદત પહેલા ઉપાડ કરવાની મંજૂરી ના હોય.

પરંતુ, વ્યક્તિગત (એકલ કે સંયુક્ત) અને HUF દ્વારા ₹1 કરોડ અને તેનાથી ઓછી રકમના તમામ ટર્મ ડિપોઝિટમાં **પાકતી મુદત પહેલા ઉપાડની સુવિધા આપવી ફરજિયાત** છે.

**પાકતી મુદત પહેલાં ઉપાડ પર વ્યાજ ચુકવણી**

ટર્મ ડિપોઝિટ પરિપક્વતા પહેલાં ઉપાડવામાં આવે તો વ્યાજદર નીચે મુજબ લાગુ પડશે:

**આવા કિસ્સાઓમાં** વ્યાજ **કરાર મુજબના દરે નહીં** પરંતુ તે ટર્મ ડિપોઝીટ જે સમયગાળા માટે રહી હોય તે સમયગાળા માટે લાગુ પડતા દરે ચૂકવાશે. જો ઉપાડ 7 દિવસ નો **ન્યૂનતમ સમયગાળો** પૂર્ણ થયા પહેલાં થાય, તો કોઈ વ્યાજ ચૂકવાશે નહીં.

ટર્મ ડિપોઝીટ **પર વધારાનું વ્યાજ ચુકવણી**

12. બેંક પોતાની મરજી મુજબ, **બેંકના સ્ટાફ, તેમની સંસ્થાઓ, તેમજ ચેરમેન, મેનેજિંગ ડિરેક્ટર, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને નિર્ધારિત સમયગાળા માટે નિયુક્ત અધિકારીઓ**ને સેવિંગ્સ અથવા

ટર્મ ડિપોઝિટ પર જાહેર કરાયેલા વ્યાજદર કરતાં **વર્ષના 1% વધારાનું વ્યાજ** નીચેની શરતો સાથે આપી શકે છે:

13. માત્ર ત્યા સુધી ચૂકવાશે, જ્યા સુધી વ્યક્તિ વધારાનું વ્યાજ મેળવવાને પાત્ર રહેશે; પાત્રતા સમાપ્ત થયા પછી, ટર્મ ડિપોઝિટની પરિપક્વતા સુધી જ ચૂકવાશે.
14. વિલીનીકરણ યોજનામાં સામેલ થયેલા કર્મચારીઓ માટે, વધારાનું વ્યાજ માત્ર ત્યારે ચૂકવાશે જ્યારે કરાર મુજબના વ્યાજ તથા વધારાનું વ્યાજ મળીને કુલ વ્યાજ તે દર કરતાં વધુ ન હોય, જે તેમને બેંકમાં originally નોકરીએ રાખવામાં આવ્યા હોત તો મળ્યું હોત.
15. અન્ય બેંકમાંથી ડેપ્યુટેશન પર આવેલા કર્મચારીઓ માટે, તેઓ જે બેંકમાંથી આવ્યા છે તે બેંક તેમના ડિપોઝિટ ખાતા પર વધારાનું વ્યાજ આપી શકે છે.
16. નિર્ધારિત સમયગાળા માટે કરાર અથવા ડેપ્યુટેશન પર આવેલા કર્મચારીઓ માટે, આ લાભ **સમયગાળો પૂર્ણ થયા પછી બંધ થઈ જશે**.
17. એવી ફેડરેશનો, જેમાં બેંકના કર્મચારીઓ સીધા સભ્ય નથી, તેમને વધારાનું વ્યાજ મળશે નહીં.
18. નીચેની ડિપોઝિટ પર વધારાનું વ્યાજ ત્યારે જ ચૂકવવું જોઈએ જયારે ડિપોઝિટર દ્વારા જાહેર કરવામાં આવે કે જમા કરેલી રકમ તેમની પોતાની છે:
    - (i) બેંકના સ્ટાફ અથવા નિવૃત્ત સ્ટાફ સભ્ય, એકલા અથવા પરિવારના સભ્યો સાથે સંયુક્ત ખાતામાં, પરંતુ સ્ટાફ/નિવૃત્ત સ્ટાફ મુખ્ય ખાતાધારક (First name) હોવો જોઈએ.

      **નોંધ:** minor બાળકને કોર્ટ દ્વારા મળેલી વળતર રકમ પર વધારાનું વ્યાજ ચૂકવાશે નહીં.
    - (ii) બેંકના સ્ટાફ અથવા નિવૃત્ત સ્ટાફના **મૃત જીવનસાથી**.
    - **નોંધ:** બાળકો (minor સહિત) પાત્ર નથી.
    - (iii) એવી સંસ્થા અથવા ફંડ, જેના સભ્યો બેંકના સ્ટાફ છે.

**વરિષ્ઠ નાગરિકો માટે વિશેષ યોજનાઓ**

બેંક પોતાની મરજી મુજબ **ભારતીય વરિષ્ઠ નાગરિકો** માટે વિશેષ ટર્મ ડિપોઝિટ યોજનાઓ બનાવી શકે છે, જેમાં સામાન્ય ડિપોઝિટ કરતાં વધુ અને સ્થિર વ્યાજદર આપવામાં આવે.

- પરંતુ આ સુવિધા **HUF અથવા તેના કર્તા**ના નામે ડિપોઝિટ પર લાગુ નહીં પડે, ભલે કર્તા વરિષ્ઠ નાગરિક હોય.

14. બેંક પોતાના **નિવૃત્ત સ્ટાફ (વરિષ્ઠ નાગરિકો)**ને, સ્ટાફ તરીકે મળતા વધારાના વ્યાજ ઉપરાંત, વરિષ્ઠ નાગરિકોને મળતા વધારાના વ્યાજનો લાભ આપી શકે છે.

**મેચ્યુરડ કે મુદતપૂર્ણ/** પરિપક્વ **થયેલ** ડિપોઝિટ **પર વ્યાજ**

જો ટર્મ ડિપોઝિટ પરિપક્વ થાય અને ચુકવણી ન થાય, તો બાકી રકમ પર **સેવિંગ્સ એકાઉન્ટના વ્યાજદર અથવા કરાર મુજબના વ્યાજદર (જે ઓછું હોય તે)** લાગુ પડશે.

**ફ્લોટિંગ રેટ ટર્મ ડિપોઝિટ**

ફ્લોટિંગ રેટ ટર્મ ડિપોઝિટ **બજારમાં નક્કી થતી પારદર્શક બાહ્ય બેન્ચમાર્ક** સાથે જોડાયેલી રહેશે.

**સેવિંગ્સ ડિપોઝિટ પર વ્યાજ ચુકવણીની આવર્તન (Periodicity)**

સેવિંગ્સ ડિપોઝિટ પર વ્યાજ **ત્રિમાસિક અથવા વધુ લાંબા અંતરે** જમા કરવામાં આવશે.

18. સેવિંગ્સ ખાતાઓ (એનફોર્સમેન્ટ ઓથોરિટીઝ દ્વારા ફ્રીઝ કરેલા ખાતાઓ સહિત) પર ખાતાની કામગીરીની સ્થિતિને અવગણીને વ્યાજ નિયમિત રીતે જમા કરવામાં આવશે.

**મૃત જમાકારકના ઘરેલુ જમા ખાતા પર વ્યાજ**

મૃત વ્યક્તિ અથવા સંયુક્ત જમાકારકોમાંના કોઈના મૃત્યુ પછી, તે ખાતા પર વ્યાજ **બેંકની વ્યાજદર નીતિ મુજબ** લાગુ પડશે.

**ટર્મ ડિપોઝિટના ની મુદત પહેલાં ઉપાડ પર દંડ/** પેનલટી

ટર્મ ડિપોઝિટના **મુદત પહેલાં** ઉપાડ (આંશિક સહિત) પર દંડ માટે **વ્યાપક નીતિ** હોવી જોઈએ, જે બોર્ડ અથવા તેની કમિટી દ્વારા મંજૂર કરવામાં આવી હોય.

પેનલટી ની શરતો ડીપોઝીટર પાસેથી ડિપોઝીટ સ્વીકારતી સમયે**/વખતે સ્પષ્ટ રીતે જણાવવા પડશે**. જો ન જણાવવામાં આવે, તો દંડ/ પેનલટી વસૂલવામાં આવશે નહીં.

મૃત જમાકારક અથવા સંયુક્ત ખાતાધારકોના દાવેદારોની વિનંતી પર જો ટર્મ ડિપોઝિટની રકમ **વિભાજિત** કરવામાં આવે, તો **સમયગાળો અને કુલ રકમમાં ફેરફાર ન થાય ત્યાં સુધી**